ગાંધીનગર સમાચાર

જિલ્લામાં ઘઉંના ઉત્પાદનમાં ઘટાડો નોંધાવાની દેખાતી ભીતિ

# શિક્ષિત યુવાન રચનાત્મક માર્ગે સમાજનું નેતૃત્વ કરે તે સમયની માંગ છે : ડૉ. મનમોહનસિંહ



(તસવીર સૌજન્ય : દિપક વ્યાસ)

**ગાંધીનગરના વાસણ ખાતે બાપુ નોલેજ વિલેજના પટાંગણમાં પૂર્વ પ્રધાનમંત્રી ડો. મનમોહનસિંઘે વિદ્યાર્થીઓને સંબોધન કર્યું તે પૂર્વે ખ-૭ પાસે રિસર્ચ ઈન્સ્ટીટ્યૂટનું ઉદ્દઘાટન કર્યું હતું**

ગાંધીનગર, તા. ૧૯

આજે બેરોજગારીની સમસ્યાથી યુવા વર્ગ પિડાઈ રહ્યો છે ત્યારે તેણે સ્વરોજગાર તરફ વળી જ્ઞાનની જ્યોત ફક્ત ગ્રામીણ ભારત નહિ પણ સ્લમ ભારત, નિરક્ષરને સાક્ષર કરવાના કાર્યમાં જોડી પોતાની શક્તિનો ઉપયોગ કરી વિશ્વને ગરીબી, બેરોજગારીથી મુક્ત કરવા માટે તેમજ સહિષ્ણુ સમાજ રચના થકી સુંદર ભવિષ્ય તરફ દોરી જવાનો રચનાત્મક અભિગમ અપનાવે તે સમયની માંગ છે.

બાપુ ગુજરાત વિલેજ નોલેજ સીટી ખાતે ગેસ્ટ લેક્ચર શ્રેણીમાં ચાવીરૂપ પ્રવચન આપતાં ભારતના પૂર્વ પ્રધાનમંત્રી અને જાણીતા અર્થશાસ્ત્રી ડૉ. મનમોહનસિંહે ઉપર મુજબ જણાવ્યું હતું.

નેલ્સન મંડેલાના વિધાનને ટાંકી પોતાના પ્રવચનનો પ્રારંભ કરતાં ડૉ. મનમોહનસિંહે જણાવ્યું હતું કે શિક્ષણ એ એક એવુ તાકાતવર શસ્ત્ર છે જે વિશ્વને બદલવા માટે શક્તિમાન છે.

તેમણે જણાવ્યું હતું કે આ વિશ્વમાં જ નહિ ભારતમાં પણ યુવાનો માટે હવે સમાજને યોગદાન કરવાનો સમય આવી ગયો છે. આઝાદીની લડતમાં પણ યુવાનોએ

● અનુસંધાન પાન-૭ પર

# ગુડા દ્વારા સોમવારે સાઈકલ શેરીંગ પ્રોજેકટનુ લોકાર્પણ

**આરોગ્ય મંત્રી ટ્રીન ટ્રીન ..ગ્રીન ગ્રીન.. પ્રોજેકટને લીલીઝંડી આપશે**

**પ્રથમ ત્રણ માસ માટે પ્રથમ ચાર કલાક સાઈકલ ફ્રી આપવામાં આવશે**

ગાંધીનગર તા ૧૯

ગુડા દ્વારા ગ્લોબલ વોર્મિંગના પડકાર સામે જનસુખાકારી જળવાય તેવા આશયથી ગાંધીનગરમાં સાયકલ શેરીંગ પ્રોજેકટ શરૂ કરવામાં આવશે. ટ્રીન ટ્રીન ગ્રીન ગ્રીન પ્રોજેકટનુ આગામી તા ૨૧ માર્ચના રોજ આરોગ્યમંત્રીના હસ્તે લોકાર્પણ કરવામાં આવશે.

ગુડા દ્વારા શહેરમાં સાયકલ શેરીંગ પ્રોજકટ શરૂ કરવામાં આવનાર છે. જયારે સાઈકલ શેરીંગ પ્રોજેકટને અનુલક્ષી શહેરમાં વિવિધ ૧૧ સ્થળોએ સ્ટેન્ડ બનાવાયા છે. જેમાં ઈન્ફોસિટી, ઘ-૨, પિથિકાશ્રમ, પુનિતવન, સરિતાઉદ્યાન, ચ-રોડ, ઘ-૪, ઘ-૫, ઘ-૬, સે-૨૧ શાકમાર્કેટ, તેમજ અક્ષરધામ પાસે સાઈકલ સ્ટેન્ડની વ્યવસ્થા કરવામાં આવી છે. જયારે પ્રાયોગિક ધોરણે ૧૦૦થી વધુ સાયકલો મુકવામાં આવશે. ત્યારબાદ તબક્કાવાર સાઈકલો વધારવામાં આવશે. સાઈકલ શેરીંગ પ્રોજેકટ માટે મોબાઈલ મેપ તૈયાર કરી દેવામાં આવ્યો છે. જેના આધારે સાઈકલ લેનાર વ્યકિત અને સાઈકલનુ ટ્રેકીંગ કરવામાં આવશે. પ્રથમ ત્રણ માસ માટે પ્રથમ ચાર કલાક માટે સાઈકલ ફ્રી આપવામાં આવશે. જયારે તેનાથી વધુ કલાક માટે નજીવી ફી માત્ર રૂ ૧૦ વસુલવામાં આવશે. ભાડેથી સાઈકલ મેળવનાર વ્યકિત અન્ય કોઈપણ સ્ટેન્ડ પર સાઈકલ પરત કરી શકશે. સવારે ૬ કલાકે રાતના ૧૦ વાગ્યા સુધી સાઈકલ મેળવી શકાશે. જયારે સાઈકલને પંચર પડે તેવા કીસ્સામાં કોઈપણ પ્રકારનો ચાર્જ વસુલવામાં આવશે નહીં. જયારે સાઈકલ પણ નજીકના સ્ટેન્ડ પરથી બદલી શકાશે. ગુડા દ્વારા શહેરમાં વધુ અવરજવર હોય તેવા માર્ગો પર પ્રોજટકની કામગીરી હાથ ધરવામાં આવી છે. જયારે સ્વર્ણિમ પાર્કના રૂટમાં પણ સાઈકલ શેરીંગ પ્રોજેકટને અનુલક્ષી ટ્રેક તૈયાર કરી દેવાયો છે. જયારે આગામી સમયમાં નવા ટ્રેકનુ પણ આયોજન કરવામાં આવશે.

## ડૉ. મનમોહનસિંહની સાથે સાથે

- બાપુ નોલેજ વિલેજમાં પૂર્વ પ્રધાનમંત્રીશ્રી મનમોહનસિંહ બરાબર ૩.૪૫ મિનિટે આવી પહોંચ્યા હતા.
- શ્રોતાઓને સાંભળવા માટે બાંધવામાં આવેલો શમિયાળો પવનને કારણે ત્રણ વખત ઉડી જતાં તડકામાં બેસવુ પડ્યુ હોવા અંગે શ્રી શંકરસિંહ વાઘેલાએ શ્રોતાઓની ક્ષમાયાચના કરી હતી.
- ડૉ. મનમોહનસિંહના પ્રવચનને અંતે તેમને સ્ટેન્ડીંગ ઓવીએશન અપાયું હતું.
- આજે ડાયસ પર બે પૂર્વ મુખ્યમંત્રીઓશ્રી સુરેશભાઈ મહેતા, શ્રી દિલીપભાઈ પરીખ ઉપરાંત પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ શ્રી ભરતસિંહ સોલંકી, પૂર્વ પ્રમુખો શ્રી સિદ્ધાર્થ પટેલ, શ્રી અર્જુનભાઈ મોઢવાડિયા, વિધાનસભા પક્ષના દંડક શ્રી બલવંતસિંહ રાજપુત તેમજ પૂર્વ વિપક્ષી નેતા શ્રી શક્તિસિંહ ગોહિલ, ધારાસભ્યશ્રી શૈલેષભાઈ પરમારને સ્થાન અપાયું હતું.
- શ્રોતાઓમાં જિલ્લા પંચાયતના પૂર્વ પ્રમુખ શ્રી હરિભાઈ ચૌધરી, પૂર્વ મંત્રી ચંદ્રિકાબેન ચુડાસમા, પૂર્વ સાંસદ સાગરભાઈ રબારી, પૂર્વ ધારાસભ્યો શ્રી સુરેશ પટેલ, શ્રી ઈકબાલભાઈ પટેલ સહિત અનેક મહાનુભાવો હતા.
- ડાયસ પરના તમામ મહાનુભાવોનું શાલ ઓઢાડી સ્વાગત કરાયું હતું.
- પ્રવચનને અંતે ડૉ. મનમોહનસિંહને પાટણનો પટોળુ શ્રી શંકરસિંહ વાઘેલાએ તથા શ્રી નિલરાજસિંહ વાઘેલાએ જગન્નિયતા મા અંબાની મૂર્તિ આપી આભારની લાગણી વ્યક્ત કરી હતી.
- ડૉ. મનમોહનસિંહે ૧૮ મિનિટ ૯ સેકંડ અને ૯૨ માઈક્રો સેકન્ડ પ્રવચન આપ્યું હતું.
- ડૉ. મનમોહનસિંહે અંગ્રેજીમાં પ્રવચન આપ્યુ હતુ અને સંસ્થાના વાતાવરણને વખાણી જણાવ્યું હતું કે આદર્શ વાતાવરણ જોઈ તેઓ અત્યંત પ્રભાવિત થયા છે.

# જિલ્લામાં ઘઉંના ઉત્પાદનમાં ઘટાડો નોંધાવાની દેખાતી ભીતિ

ગાંધીનગર, તા. ૧૯

વાતાવરણમાં સતત બદલાવની અસર રવિપાકના ઉતાદન પર પડશે અને જિલ્લાનો મુખ્ય પાક ગણાતા ઘઉંના ઉત્પાદનમાં ૧૦ ટકા જેટલો ઘટાડો થાય તેવી શકયતાઓ છે.

ઘઉંના પાકને તેના અંતિમ તબક્કામાં ઠંડી ના માહોલ હોય તો પાકના ઉગાવામાં ફાયદો થતો હોય છે પરંતુ છેલ્લા વીસ દિવસથી ઠંડી જે રીતે ગાયબ થઈ ગઈ છે તેને કારણે પાક-ઉત્પાદન પર વિપરીત અસરો પડવાની સંભાવનાઓ છે.

જિલ્લામાં ઠંડીના ચારેક રાઉન્ડ થતા હોય છે. પરંતુ આ વખતે ઠંડીના દિવસો ઘટવાની સાથે ત્રણ તબક્કામાં જ ઠંડી પડી છે. જિલ્લામાં હાલ તો ઘઉંનો પાક તૈયાર થઈ ગયો છે. અને લણીણીની કામગીરી શરૂ થઈ ગઈ છે.

આ વખતે ઘઉંનો પાક ઘટવા માટે હવામાનમાં સતત બદલાવ સૌથી વધુ સફળ કારણ માનવામાં આવી રહ્યું છે. આ ઉપરાંત એક વખત થયેલ માવઠું પણ ઉત્પાદન પર વિપરીત અસરો કરે તેવી સંભાવનાઓની શકયતા નકારી શકાય નહિ.

જિલ્લામાં ત્રીસ હજાર હેકટરમાં ઘઉંનું વાવેતર થયું હતું. આમ તો વાવેતર વિસ્તારમાં સરેરાશ જળવાઈ રહી છે પણ હેકટર દીઠ થતા ઉત્પાદનમાં ઘટાડો થશે તેમ ખેડૂતો સાથેની વાતચીતમાં જાણવા મળ્યું છે.

આ વખતે મજૂરોની અછત પણ કાપણીની સિઝન મોડી ફરશે તેમ મનાઈ રહ્યું છે. જિલ્લામાં હાલ જે તો રીતે વાતાવરણ બદલાયું છે તેનાથી પણ ખેડૂત ચિંતાતુર હોવાનું જોવા મળ્યું છે.

# જિલ્લાના પ્રભારી સચિવ તરીકે સંજીવકુમાર

ગાંધીનગર, તા.૧૯

ગાંધીનગર જિલ્લાના પ્રભારી સચિવ તરીકે શ્રી સંજીવકુમારની નિયુકતી કરવામાં આવી છે.

જિલ્લાના પૂર્વ કલેકટર રહી ચુકેલા શ્રી સંજીવકુમાર હાલ નાણાં વિભાગમાં ખર્ચ સચિવ તરીકે ફરજો બજાવી રહ્યા છે. તેઓની નિમણુંક તાજેતરમાં રાજય સરકારના સામાન્ય વહીવટ વિભાગે કરી છે.

શ્રી સંજીવકુમાર પૂર્વે જિલ્લાના પ્રભારી સચિવ તરીકે શ્રી એમ.એસ. ડાગુર ફરજો બજાવતા હતા જે ઉલ્લેખનીય છે. આજે શ્રી સંજીવકુમારે જિલ્લા સંકલન સમિતિની બેઠકમાં હાજરી આપી હતી અને અધિકારીઓ સાથે પરિચય વિધિ બાદ પરિસ્થિતિની સમીક્ષા કરી હતી. શ્રી સંજીવકુમારે ગાંધીનગર મહાનગર પાલિકાના વહીવટદાર તરીકે પણ થોડો સમય સેવાઓ આપી હતી.



(તસવીર : કશ્યપ નિમાવત)

ટ્રાફીક નિયમન - શહેરના પાદરે હેલ્મેટ ચેકીંગ નિયમિત યોજાય છે... રોજે રોજ ટ્રાફીક પોલીસ નિયમિત રીતે તપાસણી કરે છે છતાં હેલ્મેટ વિનાના વાહન ચાલકો હજુ પણ ઝડપાય છે... અને દંડ ભોગવે છે...


# જિલ્લામાં ૬૦૬૫ વિદ્યાર્થીઓ ધો-૧૧ દ્વિતીય સેમેસ્ટરની પરીક્ષા આપશે

**તા ૨૮ માર્ચથી પરીક્ષા શરૂ થશે : ૪ કેન્દ્રો તેમજ ૨૬ પરીક્ષા સ્થળો પર કાર્યવાહી હાથ ધરાશે**

ગાંધીનગર તા ૧૯

ધોરણ-૧૦ અને ૧૨ ની પરિક્ષા પુર્ણ થયા બાદ આગામી તા ૨૮ માર્ચના રોજ ધોરણ-૧૧ સેમેસ્ટર ટુ ની પરિક્ષા શરૂ થશે. ૪ કેન્દ્રો તેમજ ૨૬ પરિક્ષા સ્થળોએ પરિક્ષાની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જિલ્લામાંથી ૬૦૬૫ વિદ્યાર્થીઓ પરિક્ષા આપશે.

ગુજરાત ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા લેવાયેલી ધોરણ ૧૦ અને ૧૨ની પરિક્ષા શાંતિપુર્ણ માહોલમાં સંપન્ન થતા શિક્ષણતંત્રએ હાંશકારો અનુભવ્યો છે. બોર્ડની કસોટી બાદ આગામી દિવસોમાં ધોરણ-૧૧ વિજ્ઞાન પ્રવાહ સેમેસ્ટર ૨ ની કસોટીનુ આયોજન કરવામાં આવ્યુ છે. તા ૨૮ માર્ચથી ૬ એપ્રિલ દરમિયાન સેમેસ્ટર ૨ ની પરિક્ષા લેવાશે. જેમાં જિલ્લામાંથી ૬૦૬૫ જેટલા વિદ્યાર્થીઓ હાજરી આપશે. જિલ્લામાં ગાંધીનગર કલોલ માણસા તેમજ ચાંદખેડા સહીત વિવિધ ૪ કેન્દ્રો તેમજ ૨૬ પરિક્ષા સ્થળો પર કસોટીનુ આયોજન કરવામાં આવ્યુ છે. જયારે પરિક્ષા દરમિયાન કોઈપણ પ્રકારની ગેરરીતી ન થાય તે માટે દરેક કેન્દ્રો પર સી સી ટી વી કેમેરાની વોચ ગોઠવામાં આવી છે. જયારે પરિક્ષા દરમિયાન ગેરરીતીને અટકાવવા માટે ફરજિયાત પણે સી સી ટીવી કેમેરાની વોચ રહેશે જયારે એકપણ કેન્દ્ર પર ટેબલેટને સ્થાન મળશે નહી.















Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com